ગાંધીનગર સમાચાર

**મહત્તમ : ૩૪.૦ ડીગ્રી**
**લઘુતમ : ૨૫.૦ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# વૈભવી પેન્ટહાઉસમાં શરાબની મહેફીલ કરતા ૧૩ નબીરા ઝડપાયા

## કુડાસણ રાધે રેસીડેન્સીનાં આઠમે માળે જી.એલ.એસ કોલેજનાં વિદ્યાર્થીએ બર્થ ડે પાર્ટી ગોઠવી હતીઃ ૭ યુવક અને ૬ યુવતિની શિવાસ રિગલ સ્કોચ અને ટુબર્ગ બિયરની બોટલો સાથે ધરપકડ : યુવતિઓ જામીન મુક્ત, યુવકો સેન્ટ્રલ જેલ હવાલે

ગાંધીનગર, તા.૨૪

અમદાવાદ લૉ ગાર્ડન ખાતે આવેલી જી.એલ.એસ કૉલેજમાં અભ્યાસ કરતા ૧૯ થી ૨૧ વર્ષનાં વિદ્યાર્થી યુવક- યુવતિઓએ ગાંધીનગર નજીક કુડાસણ ગામની સિમમાં આવેલા રાધે રેસીડેન્સી ખાતે આઠમે માળે એક વિદ્યાર્થીના પેન્ટહાઉસમાં બર્થ ડે પાર્ટી ગોઠવી હતી. નબીરા યુવક-યુવતિઓ મોંઘીદાટ બ્રાન્ડેડ સ્કોચ અને બિયરની બોટલો સાથે દારૂની મહેફીલ કરી રહ્યા હતા તેટલામાં મોડી સાંજે ઈન્ફોસિટી પોલીસે રંગમાં ભંગ પાડ્યો. પોલીસની ટીમે ફ્લેટનાં આઠમે માળ વૈભવી પેન્ટહાઉસમાં રેઈડ પાડીને મહેફીલ માણી રહેલા ૧૩ યુવક – યુવતિઓને રંગે હાથ પકડી પાડ્યા હતા. બોટલો, બાઈટીંગ અને ડેસ્પોઝલ ગ્લાસો સાથે તમામની ધરપકડ કરી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. કોર્ટે આજે છ યુવતિઓને જામીન મુક્ત કરી છે જ્યારે સાત યુવકોને સેન્ટ્રલ જેલ હવાલે કર્યા છે. મહેફીલ માણતા તમામ નબીરાઓ મોટા-મોટા વેપારીઓ અને બિલ્ડરનાં દિકરા-દિકરીઓ હોવાનું જાણવા મળ્યુ છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ લૉ ગાર્ડન ખાતે આવેલી જી.એલ.એસ કૉલેજમાં અભ્યાસ કરતા અને અમદાવાદ સરદારનગર ખાતે જવાહર કોલોનીમાં રહેતા અમિત હરેશ સબનાનીની ગઈ કાલે બર્થ ડે હતી. હરેશે તેની બર્થ ડે પાર્ટીનું આયોજન તેના સહપાઠી રવિ ચંદ્રપ્રકાશ મંગનાનીનાં ગાંધીનગર કુડાસણ સ્થિત રાધે રેસીડેન્સીનાં સ્પેર વૈભવી પેન્ટહાઉસમાં એ-૮૦૧ નંબરનાં મકાનમાં રાખી હતી. કોલેજની છ વિદ્યાર્થીની અને સાત વિદ્યાર્થી મિત્રો ગઈ સાંજે પાર્ટી માટે મોંઘીદાટ શિવાસ રિગલ સ્કોચની બોટલ અને ટુબર્ગ બિયરની બોટલો સાથે પેન્ટહાઉસમાં આવી પહોંચ્યા હતા. બોટલો ફોડીને પાર્ટી શરુ કરી દીધી એટલામાં પોલીસને કોઈએ બાતમી આપી દીધી..! ડી-સ્ટાફની ટીમે દરોડો પાડી વૈભવી પેન્ટહાઉસમાં પાર્ટી કરતા ૧૩ નબીરા યુવક-યુવતિઓને રંગેહાથ દબોચી લીધા હતા. પોલીસે સ્થળ પરથી શિવાસ રિગલ સ્કોચની અડધી વધેલી બોટલ, ૧૩ ડીસ્પોઝલ ગ્લાસ, બાયટીંગ માટે નમકિનનાં પેકેટસ અને ટુબર્ગ બિયરની ત્રણ બોટલો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ ૧૩ નબીરાઓની ધરપકડ કરી લીધી હતી. તમામ સામે નવા કડક કાયદા મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાત્રે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તમામને બ્લડ ટેસ્ટ માટે અને ચેકઅપ માટે લઈ જવાયા હતા. અને આજે બપોરે તમામને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તમામ છ યુવતિઓને જામીન મુક્ત કરી હતી જ્યારે બર્થડે બોય સહિત તમામ સાત યુવકોને સેન્ટ્રલ જેલ હવાલે કર્યા છે. નોંધનીય બાબત છે કે ગઈ સાંજે જ ઈન્ફોસિટી ઈન્ચાર્જ અમલદાર પાસેથી ચાર્જ લઈ સી.પી.આઈને આપવામાં આવ્યો હતો એટલે આ ગુનામાં ઈન્ફોસિટી ઈન્ચાર્જ પી.આઈ ડી.બી.વાળાનો ચાર્જ હતો ત્યારે આ સ્થળે રેઈડ પડી અને પી.આઈ વાય.એમ.મિશ્રાએ મોડી સાંજે ચાર્જ સંભાળ્યો ત્યારે મહેફિલનો ગુનો દાખલ થયો હતો.!! પ્રોહિબિશન એક્ટની કલમ ૮૫(૧), ૬૬ (બી), ૬૫ (ઈ), ૧૧૬ (બી), ૮૬ મુજબ ગુનો દાખલ કરીને પી.એસ.આઈ આર.કે.ચૌહાણે વધુ તપાસ હાથ ધરી છે.

### મહેફીલ કરતા પકડાયેલા નબીરાઓ

(૧) હર્ષ નિલેષ કોઠારી, ઉ.વ. ૧૯, મહાવીર સોસાયટી, સેટેલાઈટ
(૨) શેખર આશીમ કન્થુઆ, ઉ.વ. ૨૧, એસ-૨૦૨, શાંતિનિકેતન, મેમનગર
(૩) દિપેશ રાધાકિશન કુન્દનાની, ઉ.વ. ૧૯, ૫-રાધેશ્યામ પાર્ક, એરપોર્ટ રોડ
(૪) રવિચંદ્ર પ્રકાશ જંગનાની, ઉ.વ. ૨૦, કૈલાશ બંગ્લોઝ, નાના ચિલોડા
(૫) અમિત હરેશ સબનાની, ઉ.વ. ૨૦, જવાહર કોલોની, સરદારનગર
(૬) અભિષેક કમલકુમાર મંગનાની, ઉ.વ. ૨૨, કૈલાશ બંગ્લોઝ, નાના ચિલોડા
(૭) રોહન રાજકુમાર પરીયાની, ઉ.વ. ૧૯, ૩૦ મારૂતિ રેસીડેન્સી, સરદારનગર.
(૮) મહિમા પ્રવિણ વાધવા, ઉ.વ. ૧૯, છાવણી પાર્ક, સરદારનગર
(૯) સાક્ષી દિવાકર સકસેના, ઉ.વ. ૧૯, મ.નં.૬, સનરાઈઝ પાર્ક, સનસેટ સોસાયટી, ડ્રાઈવીન રોડ
(૧૦) સાધુન ઘનશ્યામ ગુપ્તા, ઉ.વ. ૨૦, ૩૯, વૃંદાવન બંગ્લોઝ, કુડાસણ
(૧૧) આયુષી આકાશ વોરા, ઉ.વ. ૧૯ બી/૩૩, નવરંગ ટાવર, સતાધાર ચાર રસ્તા, અમદાવાદ
(૧૨) આયુષી અજીત ચોરડીયા, ઉ.વ. ૧૯, ૪, સંવેદ એપા. મણિનગર
(૧૩) સાક્ષી શાંતિલાલ જીરાવાલા, ઉ.વ. ૧૯, ૩, દર્શન ફલેટ, સત્યનારાયણ સોસાયટી, રામનગર, અમદાવાદ





### આવતીકાલે સે-૧૯ જીમખાના ખાતે ડો. સંતોષનું પ્રવચન

ગાંધીનગર જીમખાના સેકટર-૧૯માં નવજીવન મેચરકયોર સેન્ટર કચ્છના પ્રણેતા ડૉ. સંતોષનું તા. ૨૬મી ઓગસ્ટના સાંજે ૬.૩૦ કલાકે 'ઔષધ વિનાનુંજીવ'ન પર જાહેર પ્રવચન સાંજે ૬.૩૦ કલાકે યોજાનાર છે. જેમાં તેઓ કોઈ પણ વ્યક્તિ રોગ મુકત કષ્ટ વિનાનું જીવન નૈસર્ગિક જીવન પધ્ધતિ દ્વારા જીવી શકે છે તે અંગે રસપ્રદ માહિતી આપશે તો નગરજનોને તેનો લાભ લેવા વિનંતી છે.

### સે-૬ સંત રોહિદાસ મંદિરે રવિવારે રામાપીરનો જયોત પાટ યોજાશે

સંતશ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૭મી ઓગસ્ટના રોજ નકળંગ નેજાધારી બાબા રામદેવપીર મહારાજનો સવાગજ માટીનો જમા જાગરણ જયોત પાટ સંત રોહિદાસ મંદિરમાં યોજાશે. આ પ્રસંગે પૂ. સેવાદાસબાપુ ગેબી ગાદી કલોલ, પૂ. અરવિંદબાપુ ગાદી જોરણંગ તેમજ આશીર્વચન આપવા પરમ પૂજય રમણજય માડી કૈયલધામ ઉપસ્થિત રહેશે. તો આ પ્રસંગે ભાવક ભકતજનોને પધારવા સંસ્થાના પ્રમુખ કાનજીભઈ પરમાર અને સંસ્થાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા જણાવાયું છે.



ગાંધીનગર શહેરમાં વરસાદ બાદ ઠેર ઠેર ગાબડા પડેલા નજરે પડે છે. ત્યારે સે-૨૭ આનંદનગર સોસાયટીના પ્લોટ નં. ૩૫ની પાસે ગાબડું પડયું છે. વસાહતીઓ દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી ત્યારે સત્વરે ગાબડું પુરાય તેની રાહ સ્થાનિક રહીશો જોઈ રહ્યા છે.



શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એનઆઈસીએમના એમબીએના વિદ્યાર્થીઓએ તેમના કોર્સ અને શિક્ષણના ભાગરૂપે ગુલબાઈ ટેકરા ખાતે ગણપતિની મૂર્તિ બનાવનારની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓને સ્ટેટેજીક મેનેજમેન્ટ વિષયને ઊંડાણપૂર્વક સમજવા, મર્યાદિત સ્રોતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સચોટ એનાલિસિસને યોગ્ય રીતે સમજવા આ એડયુટેન્ટમેન્ટ મુલાકાત ખૂબ જ અસરકારક રહી હતી. સંસ્થાના ડાયરેકટર ડૉ. બી.કે. નિર્મલનો આ મુલાકાત આયોજનમાં ખાસ સહકાર રહ્યો હતો. વિષય નિષ્ણાત ગૌરાંગ જાની દ્વારા વિદ્યાર્થીઓને આ મુલાકાતમાં ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ પુરું પાડવામાં આવ્યું હતું. જેથી તેમનો વિષય રસ જળવાયો હતો અને તેમાં વધારો થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના પ્રાધ્યાપક યશ ભટ્ટ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

### શરણ રેસીડેન્સી ખાતે ગણેશ સ્થાપન પ્રસંગે રકતદાન શિબિર

#### હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત રકતદાન શિબિરમાં આયુર્વેદિક ઉકાળાનું પણ નિઃશુલ્ક વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૨૪

ન્યુ ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીક પ્રમુખ ઓએસીસની બાજુમાં શરણ રેસિડેન્સી ખાતે ગણેશોત્સવ ૨૦૧૭નું આયોજન કરાયું છે. આ ગણેશોત્સવ સાથે સામાજિક જવાબદારી નિભાવવાની ભાવના અંતર્ગત અહીં સવારે ૯ કલાકે ગણેશજીની મૂર્તિના સ્થાપન કાર્યક્રમ સાથે હેપ્પી યુથ કલબના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે અહીં સ્વાઈન ફલુ રોગચાળાને અનુલક્ષીને વિના મૂલ્યે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવનાર છે.

શરણ રેસિડેન્સી ખાતે આયોજિત ગણેશોત્સવમાં ગત વર્ષે પણ મૂર્તિ સ્થાપન પ્રસંગે રકતદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ વર્ષે પણ હેપ્પી યુથ કલબ દ્વારા અહીં સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં રકત એકત્ર કરવાની સેવા કલોલની ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવશે. તદુપરાંત હેપ્પી યુથ કલબ દ્વારા સ્વાઈન ફલુના રોગચાળાને અનુલક્ષીને અહીં રકતદાન કેમ્પ સાથે રોગ પ્રતિકારક આયુર્વેદિક ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનાર છે જેનો મહત્તમ લાભ લેવા આ વિસ્તારની જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### સ્વાઈન ફલુ સામે નિસર્ગ સાયન્સ સેન્ટરનું અભિયાન

#### મોટી શિહોલી અને સે-૨૩ની પ્રા. શાળામાં જાગૃતિ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગરમાં સ્વાઈન ફલુના વાવરને અનુલક્ષીને જાગૃતિ અભિયાન છેડવામાં આવ્યું છે. એચવનએનવન વાઈરસથી ફેલાતા આ મહારોગ પ્રત્યે સાવધાની એ સૌથી મોટો ઉપાય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ખાતે પ્રાથમિક શાળા તથા સે-૨૩માં સ્વાઈન ફલુ જાગૃતિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. હજુ આ પ્રકારનું પ્રદર્શન હવે સે-૨૯માં નવરાત્રિ ચોક સહિત અનેક સ્થળે યોજવામાં આવશે.

સ્વાઈન ફલુ ભૂંડમાંથી ફેલાયેલો ચેપી રોગ છે જે હવે માનવીને થવા લાગ્યો છે. આ રોગમાં સામાન્ય તાવ જેવા જ લક્ષણો હોવાથી માનવી થાપ ખાઈ જાય છે તેથી આ રોગના વાવર દરમિયાન બેદરકારી રાખવી યોગ્ય નથી. સ્વાઈન ફલુના લક્ષણોમાં મુખ્યત્વે નાકમાંથી પાણી પડવું, માથુ દુઃખવું, ગળામાં દુઃખાવો થવો, ચકકર આવવા, તાવ-ઉધરસ-ઉલ્ટી આવવી, ઝાડા થઈ જવા વગેરેનો સમાવેશ થાય છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના માર્ગદર્શન હેઠળ સ્વાઈન ફલુ જાગૃતિ અભિયાન હાથ ધરાયું છે.

મોટી શિહોલી ખાતે સરકારી પ્રાથમિક શાળામાં આયોજિત પ્રદર્શન દરમિયાન સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલે ૨૦૦થી વધુ બાળકોને વિગતવાર સમજૂતિ આપી હતી તથા તકેદારી અંગે સૂચનો કર્યા હતા. આ ઉપરાંત સે-૨૩ની સરકારી પ્રાથમિક શાળામાં પણ ૧૧૦ જેટલા બાળકોને માહિતગાર કરાયા હતા જેમાં કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ માર્ગદર્શન પુરું પાડયું હતું. તા. ૨૫મીએ રાત્રે ૮.૩૦ કલાકે સે-૨૯ નવરાત્રિ ચોક ખાતે જાગૃતિ પ્રદર્શન યોજાશે.





### આઈ લવ માય ગાંધીનગર



**દિનકરરાય એમ જોષી**

**ગાંધીનગર ગમે**

નગરજનો સેવાભાવના, સંપ તથા એકતાનું જતન કરી વિવિધ સાંસ્કૃતિક ઉત્સવો, તહેવારો તેમજ સામાજિક કાર્યોનો સમન્વય કરે છે તેથી આ નગર ગમે છે.

**નગરજનો**

નિવૃત્ત વડીલો, બુદ્ધિજીવીઓ અને સિનિયર સિટિઝન્સ બાગમાં, મંદિરોમાં કે મુકરર જગ્યામાં મિલન-મુલાકાત કરતાં હોઈ સ્નેહનું વાતાવરણ શહેરમાં જળવાય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

રોટરી કલબ, વૈદિક પરિવાર, સદવિચાર પરિવાર અને જીવદયા સંસ્થા પૂર પ્રકોપ, ધરતીકંપ, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિમાં સિંહફાળો આપતાં હોઈ તેઓ વંદનીય છે.

**નગરને બહેતર બનાવવા**

સફાઈ, રખડતાં ઢોર, દબાણો બાબતે ઠોસ કામગીરી કરવામાં આવે તો નગરને બહેતર બનાવી શકાય તેમ છે.

**નગર માટે હું કરી શકું**

આફતો પ્રસંગે લોકોને સહાયભૂત થવા, ઉનાળામાં પાણીની પરબો બાંધીને રાહદારીઓની તરસ છિપાવવા અને વાહનચાલકોને ગતિ મર્યાદા જાળવવાની સલાહ આપવા માટે હું હરહંમેશ તૈયાર છું.

# નગરમાં ગણેશ મહોત્સવનો અનેરો ઉત્સાહ

## સાર્વજનિક સ્થળોએ, વિવિધ સેકટરમાં અને અનેક ઘેર દુંદાળા દેવના સ્થાપનની ઝાઝરમાન તૈયારીઓ, પત્નીઓ રિધ્ધિ-સિધ્ધિ અને પુત્રો શુભ-લાભ સાથે નગરમાં પધારશે વિઘ્નહર્તા દેવ

ગાંધીનગર, તા.૨૪

આજે ગણેશ ચતુર્થીના દિવસે ગુરુ-ચંદ્રના ગેજકેસરી યોગમાં નગરના અનેક સ્થળોએ દુંદાળા દેવ ગજાનન ભગવાનનું ભવ્યાતિભવ્ય સ્થાપન થશે. ગણપતિદાદાના આ મહોત્સવનું દિન પ્રતિદિન મહત્વ વધતું જાય છે અને લોકોની શ્રધ્ધામાં ઉમેરો થતો જાય છે. જે કારણે મહોત્સવની આલીશાન તૈયારીઓ પુર્ણ કરતા ભકતોમાં અનેરો ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. નગરમાં આવેલ સાર્વજનિક સ્થળોએ, વિવિધ સેકટરમાં તથા અનેક ઘરે આજે પત્નીઓ રિધ્ધિ-સિધ્ધિ અને કલ્યાણકારી પુત્રો શુભ-લાભ સાથે વિઘ્નહર્તા દેવ ગણેશજી ધામધૂમ પૂર્વક પધારશે. વધુમાં દશમની તિથિ બે વખત હોઈ ગણેશજી આ



વર્ષે અગિયાર દિવસ સુધી બિરાજમાન રહેશે.

નગરમાં સેકટર-૨૨માં સાર્વજનિક ગણેશ મહોત્સવ તેમજ વિવિધ સેકટરોમાં પરંપરા મુજબ ગણેશ સ્થાપન કરવામાં આવશે. માનતા-બાધા માટે પણ અનેક ઘરોમાં ગણેશજીનું સ્થાપન કરવામાં આવશે. ભકતો પુરી શ્રધ્ધાથી આ મહોત્સવમાં દાદાનું પૂજન અર્ચન કરે છે. વિઘ્નહર્તા દેવની આરાધનાથી વિદ્યા બુધ્ધિ, પ્રસિધ્ધિ, યશ, સિધ્ધિ, રિધ્ધિ, શુભ અને લાભ પ્રાપ્ત થાય છે. સંકટહર્તા દેવના પૂજન અર્ચનથી અટકેલા કાર્યો તત્કાલ પૂર્ણ થતા હોવાનું પણ શાસ્ત્રો જણાવી રહ્યા છે. ગણપતિદાદાને પ્રિય એવા લાડુનો ભોગ પણ આ મહોત્સવ દરમિયાન ધરાવાશે ત્યારે ભકતો દ્વારા ગજાનન દેવના આગમન પહેલા વિવિધ સ્થળોએ આલીશાન શામીયાણા, રોશની, પૂજાપો તથા અન્ય ભવ્ય તૈયારીઓ ભકતોએ આટોપી લીધી છે તેમજ ગણપતિ દાદાની જુદા જુદા સ્વરૂપોની આકર્ષક મૂર્તિઓ પણ લાવી દઈ આજે વાજતે ગાજતે ગણપતિ બાપ્પા મોરીયાના નાદ સાથે સ્થાપન કરશે.

### @ગાંધીનગર

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા સવારે ૧૦ કલાકે અરૂણભાઈ બુચના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૨૦ ખાતેથી શોભાયાત્રા નીકળી સે-૨૨ રંગમંચ ખાતે પહોંચશે ત્યારબાદ પૂજા અને મહાઆરતી કરાશે અને રાત્રે ૮ કલાકે દીપ પ્રાગટય બાદ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● સે-૫ સાર્વજનિક ગણેશ ચતુર્થી મહોત્સવ દ્વારા સવારે ૯ કલાકે સે-૫ શોપીંગથી વરઘોડો બપોરે ૧૨.૧૫ કલાકે નીકળી ગણેશ સ્થાપન કરાશે અને રાત્રે લોક ડાયરો યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત ગણેશ મહોત્સવની શોભા યાત્રા સવારે ૮ કલાકે નરેન્દ્ર વ્યાસ ૧૦૪/૫, છ ટાઈપ સે-૨૩ ખાતેથી નીકળશે અને સોમનાથ મહાદેવ ખાતે સ્થાપના કરવામાં આવશે. રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરો યોજાશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવ સવારે ૭.૩૦ કલાકે પ્લોટ નં. ૧૪૯૪/૨, સે-૩-ડી ખાતેથી નીકળી ગણેશજીની સ્થાપના કરવામાં આવશે રાત્રે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે અને ૧૦ કલાકે સ્થાપન કરવામાં આવશે રાત્રે ૯ કલાકે નિબંધ સ્પર્ધા ધો-૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બપોરે ૧.૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા અને ગણેશ સ્થાપન અને પૂજન યોજાશે રાત્રે ૮ કલાકે સે-૧૬ અંધશાળાના બાળકો દ્વારા ભજનોની રમઝટ જામશે.

● જય બુટ બવાની આનંદ ગરબા મંડળના દર્શનાબેન પી. ઉપાધ્યાયના મધુર કંઠે આનંદનો ગરબો ઉમાબેન લીંબાચીયા, સે-૪-એ પ્લોટ નં. ૧૧૦/૧ ખાતે બપોરે ત્રણ વાગે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે શ્રી બાપ્સા સૂત્ર વાંચન અને નિદર્શન, શ્રી દહેરાસરજીમાં પ્રભુ દર્શન ચૈત્યવંદન અને બપોરે ૨.૩૦ કલાકે સંવત્સરી પ્રતિક્રમણ અને સામૂહિક ક્ષમાપના યોજાશે.

● સરગાસણ ચાર રસ્તા પાસેની શરણ રેસિડેન્સી ખાતે સવારે ૯ કલાકે ગણેશ સ્થાપન સાથે હેપ્પી યુથ કલબ દ્વારા રકતદાન શિબિર તેમજ સ્વાઈન ફલુ માટે આયુર્વેદિક ઉકાળાના વિતરણનો કાર્યક્રમ યોજાશે.

### વાતવાતમાં

● ગાંધીનગરના માર્ગો પરથી અંબાજી પદયાત્રીઓના પ્રવાહનો પ્રારંભ થવા પામ્યો છે. વાવોલ ખાતેથી આજે લાલ ધજાવાળો સંઘ પસાર થયો હતો જેનું ઈન્દિરા કોમ્પ્લેક્ષ ખાતે વિસામા પર ચા-નાસ્તા તથા આરામ માટેની સગવડ સાથે સ્વાગત કરાયું હતું.

### ચિરવિદાય

● સ્વ. ગાભાજી ગલાબજી ઠાકોર, ઉ.વ. ૪૫
● સ્વ. અવલબેન શકરાભાઈ રબારી, ઉ.વ. ૮૦
● સ્વ. મફતલાલ કાળીદાસ પરમાર, ઉ.વ. ૭૦